# ગ્રીન ક્લીન શહેરી પરિવહન સેવાને વિશેષ પ્રોત્સાહન અપાશે

## ઇ-બસના સંચાલન અનુદાનમાં પણ વૃદ્ધિ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો જનહિતકારી નિર્ણય : રાજ્યની મહાનગરપાલિકાઓ તથા 'અ'વર્ગની નગરપાલિકાઓમાં શહેરી પરિવહન સેવામાં ઉપયોગમાં લેવાતી સીએનજી, ઇલેક્ટ્રીક બસના સંચાલન માટે અપાતા અનુદાનમાં વધારો કરવાનો મુખ્યમંત્રીશ્રીનો અભિગમ

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રીન ક્લીન ગુજરાતની નેમ સાથે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓમા સંચાલિત શહેરી પરિવહન સેવાની CNG અને ઇ-બસો માટે આપવામાં આવતા અનુદાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન ગ્રોથ માટે પર્યાવરણ પ્રિય ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ અને બિન પરંપરાગત ઊર્જાના ઉપયોગને વેગ આપવા આહવાન કરેલું છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીના આહવાનને ઝિલી લઈને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત હાલ ૩ મહાનગરપાલિકાઓ અને 'અ' વર્ગની ૧૦ નગરપાલિકાઓના ૧૦૬૮ CNG અને ૩૮૨ ઈ-બસ શહેરી પરિવહન સેવામાં કાર્યરત કરેલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બસ સેવાઓ માટે જે તે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને PPP ધોરણે પરિવહન સેવાઓના સંચાલન અનુદાન પેટે આપવામાં આવતી રકમમાં વધારો કરવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અનુસાર, મહાનગરપાલિકાઓને CNG બસના સંચાલન અન્વયે અગાઉ કિલોમીટર દીઠ અપાતા રૂ. ૧૨.૫૦ નાં સ્થાને હવે રૂ. ૧૮ આપવામાં આવશે. તેમજ વાયેબિલિટી ગેપ ફંડિંગ-ઘટ ના અગાઉ મહત્તમ ૫૦ ટકા મળતા હતા તેમાં ૧૦ ટકાનો વધારો કરીને હવે ૬૦ ટકા આપવામાં આવશે.

આ ઉપરાંત જે 'અ' વર્ગની નગરપાલિકાઓમાં હાલ CNG બસ સેવાનું શહેરી પરિવહન સેવામાં PPP ધોરણે સંચાલન થાય છે તેવી નગરપાલિકાઓને કિલોમીટર દીઠ રૂ. ૨૨ અનુદાન પેટે અપાશે તેમજ CNG ઘટ ના વધુમાં વધુ ૫૦ ટકા મળતા હતા તે વધારીને ૭૫ ટકા પ્રમાણે અપાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈલેક્ટ્રીક વાહનોનો પણ શહેરી પરિવહન સેવામાં વ્યાપ વધે તેવા આશયથી જે મહાનગર પાલિકાઓમાં ઈ-બસ સેવાઓ PPP ધોરણે હાલ કાર્યરત છે ત્યાં કિલોમીટર દીઠ રૂ. ૨૫ નાં સ્થાને હવે રૂ. ૩૦ અનુદાન આપવાનો નિર્ણય પણ કર્યો છે. એટલું જ નહીં, આવી ઈ-બસ સેવાઓના સંચાલનમાં ઘટ ની જે રકમ અગાઉ ૫૦ ટકા આપવામાં આવતી હતી તે હવે વધુમાં વધુ ૬૦ ટકા મળશે.

રાજ્યમાં 'અ' વર્ગની નગરપાલિકાઓમાં ઈ-બસની શહેરી પરિવહન સેવાઓ માટે પહેલીવાર કિલોમીટર દીઠ રૂ. ૪૦ અને ઘટ ની રકમના વધુમાં વધુ ૭૫ ટકા અનુદાન આપવાનો જનહિતકારી નિર્ણય પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારે મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અંતર્ગત કૂલ ૨,૮૬૪ બસની કરેલી જોગવાઈઓ સામે ૬૬૨ ઈ-બસ અને ૧૦૯૭ CNG એમ કુલ ૧૭૫૯ બસોને મંજૂરી આપવામાં આવેલી છે. આવી મંજૂર થયેલ બસ સેવા પૈકી ૩૮૨ ઈ-બસ અને ૧૦૬૮ CNG બસ હાલ કાર્યરત છે.

## સાબરમતી નદીમાં વધતા પ્રદૂષણ મુદ્દે હાઈકોર્ટ આકરા પાણીએ

### કોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉધડો લીધો હતો

અમદાવાદ,તા.૧૮

સાબરમતી નદીમાં વધતા પ્રદૂષણ મામલે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. નદીમાં વધી રહેલા પ્રદૂષણ મામલે હાઈકોર્ટે આકરું વલણ આપનાવ્યું છે. કોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉધડો લીધો હતો. કોર્ટે કહ્યું કે કોર્પોરેશન અને GPCB કોઈ કોંક્રિટ પગલાં લઈ રહ્યા નથી. કોઈ પ્લાનિંગ નથી, કોઈ રોડ મેપ નથી, કોઈ ટાઈમ લાઈન નથી. માત્ર સોગંદનામા નહીં હકીકતમાં દેખાય એવું કામ થવું જોઈએ. કોઈ વિઝન વગરની કામગીરી ચાલી શકે નહિ. તો હાઈકોર્ટે વધુમાં કહ્યું કે, મ્યુનિસિપલ કમિશનરનું વિઝન સ્પષ્ટ હોવું જોઈએ. તમારા પ્રશ્નોનું સમાધાન તમારે જ કરવાનું છે. તમારા પ્રહસનો બતાવીને કામગીરી ન બતાવો તે ચલાવી શકાય નહી. કોર્ટે કામગીરી મામલે અસંતોષ વ્યક્ત કરતા કહ્યું કે, તમે કોઈ કામગીરી નથી કરી એવું નથી પણ જે કર્યું છે એ પર્યાપ્ત નથી. જાહેર હિતમાં જે રીતે કામ થવું જોઈએ એ દેખાતું નથી. તો હાઈકોર્ટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પણ ઝાટકણી કાઢી હતી. કોર્ટ કહ્યું કે માત્ર આંખમાં ધૂળ નાખવાનું કામ ના કરો. તમને તમારી સત્તાઓ અને જવાબદારીઓ ખબર છે?



અમદાવાદમાં એફ-૨૦ના વિઝીટરે આજે સાબરમતી ગાંધીઆશ્રમની મુલાકાત લીધી હતી.

## રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં ૮૨ કરોડની વીજ ચોરી

### સૌરાષ્ટ્રમાં વીજતંત્રનો સપાટો : ભાવનગર જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયાની વીજ ચોરી

રાજકોટ,તા.૧૮

રાજકોટમાંથી ફરી એકવાર વીજ કંપની પીજીવીસીએલની મોટી કાર્યવાહી કરી હતી. અહીં પીજીવીસીએલ ટીમે અચાનક દરોડાની કાર્યવાહી હાથ ધરતાં કરોડોની ચોરી પકડી પાડી છે. રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં પીજીવીસીએલએ ચાર મહિનામાં ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડી હતી. પીજીવીસીએલએ એક લાખ ૧૩ હજારથી વધુ વીજ જોડાણોનું ચેકિંગ કર્યું હતું જેમાંથી જેમાંથી ૨૭ હજાર ૨૫૪ કનેકશનમાં ગેરરીતિ ઝડપાઈ હતી. સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડાઈ હતી.

છેલ્લા કેટલાય દિવસોથી રાજકોટ સહિતના વિસ્તારોમાં પીજીવીસીએલની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ છે આમાં પાંચ દિવસમાં દોઢ કરોડથી વધુની વીજ ચોરીને પકડી પાડવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, રાજકોટ સહિતના આજુબાજુના વિસ્તારોમાં પીજીવીસીએલની ટીમે પાંચ દિવસની દરોડાની કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં ૪૪ ટીમો કામે લાગી હતી, આ તમામ ટીમે ચેકીંગની કામગીરી દરમિયાન આજી, ખોખડદડ, મોરબી રોડ ઉપરના વિસ્તારોમા દરોડા પાડ્યા હતા, આ દરોડામાં લગભગ પાંચ દિવસમાં દોઢ કરોડની વીજ ચોરીને પકડી પાડી હતી. આમાં ૧૦૮ કનેકશનમાંથી ૮૩ લાખને વીજ ચોરી પણ પકડાઈ હતી.

જોકે, આ કાર્યવાહી કરવા છતાં હજુ પણ પીજીવીસીએલની ટીમે વીજ ચોરો સામેની આ ઝૂંબેશને યથાવત રાખી છે.બિપરજૉય વાવાઝોડાથી સૌથી વધુ નુકસાન પાવર ઈલેક્ટ્રિક કંપની પીજીવીસીએલને થયુ હોવાનું સામે આવ્યુ છે. બિપરજૉય વાવાઝોડાથી પીજીવીસીએલને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચ્યુ છે. એક રિપોર્ટ અનુસાર, રાજ્યમા પીજીવીસીએલને અંદાજિત ૧૨૫ કરોડથી વધુનો ફટકો પહોંચ્યો છે. આમાં સૌથી વધુ નુકસાન જામનગરમાં થયુ છે, જામનગરમાં ૬૪ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ છે. આ ઉપરાંત અનેક જગ્યાએ પીજીવીસીએલને નુકસાનમાં ક્યાંક ટીસી ડેમેડ થયા છે,

## ઈમામ શાહ બાવા દરગાહનું નામ બદલીને હંસતેજજી મહારાજ ધામ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદની સીમમાં આવેલા પીરાણા દરગાહને મંદિરમાં રૂપાંતર કરવાને લઈ લોકો વિરોધ કરી રહ્યા છે. જેને લઈ સૈયદ ઈમામશાહ બાવાના વંશજોએ રૂપાંતરના વિરોધમાં આંદોલન જાહેર કર્યું હતું. આ તરફ હવે પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાને ધ્યાને રાખી મહેડાવ નજીકથી ૫૦ લોકોને ડીટેઈન કર્યા છે. આ તમામ લોકો મહેડાવમાં મંદિરના વિરોધમાં આંદોલન કરતા હોવાનું સામે આવ્યા છે. જેને લઈ આજે પેટલાદથી અમદાવાદના પીરાણા જતી બસમાં સવાર તમામને પોલીસે અટકાવ્યા છે. પીર ઈમામશાહ બાવાના મૃત્યુની પાંચ સદીઓ પછી જેમનું અમદાવાદની સીમમાં આવેલા પીરાણા ગામ ખાતેનું મંદિર હિન્દુ-મુસ્લિમ સાંપ્રદાયિક સૌહાર્દનું પ્રતીક છે. આ તરફ હવે તેમના હિન્દુ અનુયાયીઓએ સુફી સંત સદગુરુ હંસતેજ મહારાજનું નામકરણ કર્યું છે.

ઈમામશાહ બાવાના વંશજોએ કહ્યું કે આ તીર્થસ્થાનને ભગવા કરવાનો પ્રયાસ છે. જેના વિરોધમાં તેઓ શુક્રવારે બપોરે મંદિર પરિસરમાં અનિશ્ચિત ઉપવાસ શરૂ કરશે. ઈમામશાહ બાવા રોઝા સંસ્થાનના ત્રણ મુસ્લિમ ટ્રસ્ટીઓએ ગુરુવારે જિલ્લા કલેક્ટરને તેમના અનિશ્ચિત ઉપવાસની જાણ કરી અધિકારીઓના તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી. આ ટ્રસ્ટીઓએ ઉપવાસ પર ઉતરેલા ૨૫ લોકો માટે સુરક્ષાની પણ માંગ કરી છે. બદલેલા નામનું બોર્ડ લાગ્યું અને પછી.... ઈમામશાહ બાવાના વંશજોએ કહ્યું કે ગવર્નર સહિત વિવિધ સત્તાવાળાઓને કરેલી રજૂઆતમાં કહ્યું કે, ટ્રસ્ટીઓએ હઝરત પીર ઈમામશાહ બાવાની દરગાહ (જેઓ ૧૬મી સદીની શરૂઆતમાં મૃત્યુ પામ્યા હતા) ને હિંદુ ધાર્મિક સ્થાનમાં રૂપાંતરિત કરવાના "પ્રયાસ" સામે વાંધો ઉઠાવ્યો છે.



હસ્તકલા વારસાનું પ્રદર્શન અને વેચાણ તથા મહિલા કારીગરોને રોજગારી પૂરી પાડવાના ઉમદા હેતુથી 'રાખીમેળા'નું આયોજન અમદાવાદ હાટ ખાતે કરાયું છે. જેને કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ ખુલ્લો મૂક્યો હતો.

### ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તફાવતની રકમનો પાંચમો હપ્તો સત્વરે આપવા સહિતની વિવિધ નવ માંગણીઓને અનુલક્ષી કોઈ નિરાકરણ આવતું નથી જેને અનુલક્ષી શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ પણ શિક્ષકો અને શાળાના કર્મચારીઓને તારીખ ૨૪મી ઓગસ્ટ સુધી કાળા કપડાં પહેરીને જ શાળાએ જવાનુ જણાવ્યું છે રાજ્ય સંકલન સમિતિના આદેશને અનુલક્ષી આ દિશામાં લડત આપવામાં આવી રહી છે.

### આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા નઝારા સમાન બન્યો છે. સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વચ્ચે અવનવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ ત્રણ ફેઈઝમાં તૈયાર કરાયેલા આ પાર્કમાં વોટર શો ઉપરાંત બાળકો માટે પણ રમતગમતના સાધનો પણ ઉપલબ્ધ છે. જયારે પાર્કની બન્ને બાજુ ફુડકોર્ટ કાર્યરત કરવા માટે દુકાનો પણ તૈયાર કરવામાં આવી છે. જો કે આ દુકાનો હજુ સુધી ધમધમતી ન થતા આસપાસના વિસ્તારમાં ઢળતી સાંજ બાદ લારી ગલ્લાઓની પણ કતાર જોવા મળે છે. શહેરના મધ્યમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને પ્રસંગોને અનુલક્ષીને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવે છે. દિવાળી અને સ્વાતંત્ર પર્વ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ પાર્કની રોનક ઓર નિખરે છે રોશનીની ઝાકમઝોળ વચ્ચે હરિયાળો પાર્ક સૌ કોઈનુ ધ્યાન ખેંચે છે. આગામી સમયમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો પણ ગાંધીનગરના મહેમાન બનશે જેને અનુલક્ષીને પાર્કની સુંદરતા વધુ નિખરે તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્વર્ણિમ પાર્કમાં હરિયાળ વૃક્ષો અને લોનના ટ્રીમીંગ તેમજ હરિયાળી બરકરાર રાખવા પાણી છંટકાવના ઉપયોગમાં લેવાતા સ્પિન્કલર્સ, પાણીની લાઇન, ટોઈલેટ બ્લોક, વાલ્વ રીપેરીંગ બોગનવેલ કટીંગ તેમજ તમામ પ્રકારની સફાઈ તેમજ ટ્રીમીંગ સહીતની કામગીરીને અનુલક્ષી રૂ ૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. પાર્કની જાળવણી માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી સોંપવામાં આવશે.

### કટિબદ્ધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને પેથાપુર નગરપાલિકા વિસ્તારનો પણ સમાવેશ થયો છે ગાંધીનગરના નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે હાલમાં ચોમાસાની ઋતુના કારણે ઘણી જગ્યાએ પાણીનો ભરાવો થાય છે જ્યારે શહેરમાં કન્સ્ટ્રક્શનની કામગીરીનો પણ ધમધમાટ છે પાણી ગટરની નવી લાઈન નાખવા અનેક ઠેકાણે ખોદકામ પણ કરવામાં આવ્યું છે જ્યારે વરસાદી મોસમમાં રહેણાક અને કોમશિયલ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે આરોગ્ય તંત્ર ની ટીમ દ્વારા પણ રોજબરોજ સ્થળ તપાસ કરી નોટીસ આપી દંડ વસૂલી સુધીના પણ પગલાં લેવામાં આવે છે આ પરિસ્થિતિમાં મચ્છરનો ઉપદ્રવને ડામવા મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રોન દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા માટેના જવાબદાર પરિબળોનો સર્વે હાથ કરવામાં આવશે ડ્રોન મારફત દવા છંટકાવ કરવામાં આવી રહી છે. રાજ્યમાં ગાંધીનગરમાં મહેસાણા જિલ્લા બાદ બીજા નંબરે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમવાર ડ્રોન દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.આ દરમિયાન ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરો, હોદેદારો અધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રીસરફેસીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવી બની છે. ત્યારે શહેરના નવા સેકટરોમાં હજુ પાણી ગટરની લાઈનનુ કામ પુર્ણ થયા બાદ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે જયારે જુના સેકટરોમાં જયાં લાઇનનુ કામ પુર્ણ થવાની તૈયારીમાં છે. તેવા વિસ્તારમાં આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવામાં આવ્યુ છે. શહેરના સે- ૨૭, ૨૮, ૨૯ અને સે-૩૦ માં આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. સે-૨૮ અને સે- ૨૯ માં અગાઉ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી હતી પરંતુ નવી લાઇનનુ કામ હાથ ધરવામાં આવનાર હોવાથી ખોદકામ પ્રવૃતિને ધ્યાનમાં રાખી માર્ગોના નવિનીકરણની યોજના હાથ ધરવામાં આવી ન હતી જેના લીધે સેકટરોમાં આંતરિક રોડ નેટવર્કના રીસરફેસીંગની કામગીરી નિયત સમય વિતી ગયા બાદ લાંબા સમયથી હાથ ધરવામાં આવી નથી. જો કે હવે આંતરિક માર્ગોની જાળવણીની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. ત્યારે તબક્કાવાર સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. જયારે આ સેકટરોમાં પાણી ગટરની લાઇનને અનુલક્ષી ઘરોમાં જોડાણ આપવાની કામગીરી પણ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. જેના અંતે હવે આ વિસ્તારમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરવામાં આવશે. જેમાં સે-૨૭ માં ૧૮.૨૯ કી મી , સે-૨૮ માં ૧૭ કી મી, સે-૨૯ માં ૧૯ કી મી અને સે-૩૦ માં ૨૩ કી મી ના વિસ્તારમાં માર્ગોનુ કામ હાથ ધરવામાં આવશે આ ચારેય સેકટરોમાં અંદાજિત ૭૭ કી મી ના રસ્તાઓની દરકાર લેવાશે. જયારે આ ઉપરાંત સે-૬ અને સે-૨૯ માં રીંગ રોડના વાઇડનીંગનુ પણ કામ હાથ ધરવામાં આવશે આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ચારેય સેકટરોના માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આગામી દિવાળી પુર્વે માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાશે આ વિસ્તારમાં લાંબા સમયના અંતે માર્ગોની હાલત આમ પણ ખરાબ હતી જયારે ચોમાસાના લીધે માર્ગો વધુ ઉબડ ખાબડ બનતા સ્થાનિકો માટે માર્ગ સલાતમીનુ ચિત્ર પણ જોખમી બન્યુ છે.

### સપ્લાય ઘટ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ કમી આવી છે. પાણી પુરવઠા બોર્ડની વોટર ટ્રીટમેન્ટની લાઇનમાં ચરેડી ખાતે વાલ્વમાં ખામી સર્જાઇ છે. જેના લીધે જુના સેકટરોમાં પાણીની બુમ ઉઠી છે. શહેરના જુના સે- ૧૪ થી ૩૦ સેકટરોમાં પ્રતિદિન ૨૮ થી ૩૦ એમ એલ ડી સપ્લાય આપવામાં આવે છે. જયારે આ ઉપરાંત સેકટરોના બોરના પાણીનો પણ સપ્લાય આપવામાં આવતા સેકટરોમાં રોજબરોજ જરૂરિયાત મુજબ સપ્લાય આપવામાં આવી રહ્યો છે. પરંતુ આ ખામી સર્જાતા શહેરના જુના સેકટરોમાં પાણીના સપ્લાયમાં ઘટ પ્રવર્તી છે. હાલ છેલ્લા બે દિવસથી માંડ ૧૫ થી ૧૭ એમ એલ ડી જેટલુ પાણી જ સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે હાલની સ્થિતિએ પ્રતિદિન ૮ થી ૧૦ એમ એલ ડી ની ઘટ પ્રવર્તી છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ વાલ્વની ખામીના લીધે જુના સેકટરોમાં હાલ પાણીનુ પ્રેશર ઘટયુ છે. જયારે સમસ્યાના નિવારણ માટે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. તંત્રએ સેકટરવાસીઓને પણ સહકાર આપવા માટે અપીલ કરી છે. વાલ્વની ખામીનુ નિવારણ પણ ટુંકમાં આવી જશે. જુના સેકટરોમાં ટુંકમાં રાબેતા મુજબ સપ્લાય પણ શરૂ કરી દેવાશે.

### ચુસ્ત પાલન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. જ્યારે કોઈ પોલીસનો કર્મચારી યુનિફોર્મ પહેરીને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેની વિપરીત અસર લોકો ઉપર પડતી હોય છે, જેના કારણે પોલીસની છબી ખરડાઈ છે.પોલીસની ટ્રાફિકના નિયમો તોડવાની નીતિના ઘેરા પ્રત્યાઘાત પડતા હોય છે અને વાહનચલાકો પણ નિયમોની ઐસીતૈસી કરતા હોય છે.

અમદાવાદ સહિત રાજ્યના તમામ શહેરો અને જિલ્લાઓમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વધતી જાય છે, જેના કારણે અકસ્માતની ઘટનાઓ પણ બને છે. આવી સ્થિતિમાં જો પોલીસ કર્મચારીઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરે તો કામગીરી સરળ બની શકે છે. આજથી જો કોઈ પોલીસ કર્મચારીઓ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેમના વિરૂદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના પોલીસવડાએ કરેલા આદેશ બાદ પોલીસની કાર પરથી બ્લેક ફિલ્મ હટી જશે. ક્રાઈમ બ્રાંચ, એટીએસ, એસઓજી સહિતની પોલીસની એજન્સીઓમાં મોટાભાગના પોલીસ કર્મચારીઓ બ્લેક ફિલ્મવાળી કારનો ઉપયોગ કરે છે. જોકે, હવે ફરજિયાત પોલીસ કર્મચારીઓને પણ હવે બ્લેક ફિલ્મ કાઢી નાખવી પડશે

ત્યારે ગઈકાલે રાજય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા પરિપત્ર જારી કરીને તમામ પોલીસકર્મીઓને આદેશ કરાયો છે કે તેમના દ્વારા સોશિયલ મીડીયાના ઉપયોગ બાબતની આચારસંહિતા-૨૦૨૩ બહાર પાડવામાં આવી છે તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશ. પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં કર્મીઓ દ્વારા આ બાબતનો અમલ ચુસ્ત રીતે નહીં કરવામાં આવતો હોવાની ફરિયાદો મળતાં આ નિર્ણય લેવાયો છે.

### અમે સમર્પણમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમર્પણમાં માનીએ છીએ અને અમે સામૂહિક જવાબદારી સાથે સામૂહિકતાના મૂલ્યો સાથે આગળ વધીએ છીએ અને અમને મળેલી જવાબદારીને કુશળતા પૂર્વક નિભાવીએ છીએ.

તમને જણાવી દઈએ કે ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી વડા પ્રધાને વિશ્વકર્મા યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. આનો ઉલ્લેખ કરતા પીએમએ કહ્યું કે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાનું પ્રારંભિક બજેટ તૈયાર કરવામાં આવ્યું હતું અને પીએમ વિશ્વકર્મા યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. તેઓ ૧૭મી સપ્ટેમ્બરે એક મોટો કાર્યક્રમ યોજીને આ યોજનાને આગળ ધપાવવા જઈ રહ્યા છે. તેનાથી ૩૦ લાખ પરિવારોને ફાયદો થશે.

### ભારત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તે એવું સૂચવે છે કે માત્ર આવકમાં જ વધારો નથી આવ્યો,પરંતુ લોકોમાં કાયદાના અનુપાલનમાં પણ વૃદ્ધિ આવી છે.જે લોકોમાં અમારી સરકાર પ્રત્યે વિશ્વાસની ભાવનાની અભિવ્યક્તિનું સૂચક છે.

આ સંશોધન માત્ર અમારા સહિયારા પ્રયાસો જ નહીં પરંતુ એક રાષ્ટ્ર તરીકે આપણી કાર્યક્ષમતા પ્રતિબિંબિત કરે છે. વિસ્તરતી સમૃદ્ધિ રાષ્ટ્રીય પ્રગતિ માટે શુભ સંકેતની સૂચક છે.આપણે નિઃશંકપણે અર્થવ્યવસ્થાની સમૃદ્ધિના નવા યુગના કેન્દ્રબિંદુ પર ઊભા છીએ અને વર્ષ ૨૦૪૭ સુધીમાં આપણા વિકસિત ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવાની દિશામાં કૂચ કરી રહ્યા છીએ.

### પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. નાડાના અધિકારીઓએ ગયા વર્ષે દુતીના સેમ્પલ લીધા હતા. દુતીના પ્રથમ સેમ્પલમાં એન્ડારીન, ઓસ્ટારીન અને લિંગન્ડ્રોલ મળી આવ્યા છે. બીજા નમૂનામાં એન્ડારિન અને ઓસ્ટારિન મળી આવ્યા છે. દુતીને બી સેમ્પલ ટેસ્ટ આપવાની તક મળી હતી. આ માટે તેને ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. પરંતુ દુતીએ આવું ન કર્યું.

### સોંપવા સુચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીની માર્ગદર્શન અને સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા પરિપત્ર કરાયો છે. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી તરફથી તમામ કલેક્ટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીને પરિપત્ર પાઠવીને સુચન કરવામાં આવ્યા છે.

બી.એલ.ઓ.ની કામગીરી શિક્ષકો ઉપરાંત અન્ય ૧૨ કેડર, જેમાં તલાટી, મધ્યાહન ભોજન તેમજ સ્થાનિક કર્મચારીઓ પાસેથી કરાવવા સુચન કરવામાં આવ્યું છે. સાથે જ શિક્ષકોને BLO ની કામગીરી ઓછામાં ઓછી આપવા સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે. BLO ની નિમણુંક માટે માત્ર જિલ્લા તેમજ તાલુકા શિક્ષણ અધિકારી સિવાય તાલુકા તેમજ જિલ્લાની અન્ય કચેરીના અધિકારીઓ પાસેથી કર્મચારીઓની માહિતી પણ મેળવવાની રહેશે. ૩ વર્ષથી વધુ કામગીરી કરી હોય તેમને BLOની કામગીરીમાંથી મુક્તિ આપવા પણ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે. BLO તરીકે અલગ અલગ કેડરના કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, તેની માહિતી પણ મુખ્ય નિર્વાચન કચેરી તરફથી માંગવામાં આવી.